અપીલ અરજી નં.૩૯૫ તા.૧૩–૩–૦૯

અરજદારઃ શ્રી ગુલામભાઈ મેમણ
સામાવાળાઃ ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ)

***ફરીયાદની હકીકતઃ–***

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ગુલામભાઈ મેમણની તા.૯–૨–૦૯ની અરજીથી રીંગરોડ આર.ટી.ઓ ઓફિસ સામે આદર્શ સોસાયટી તરફ જતાં વણાંક પાસે ચાલતા નવાં બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૩–૩–૦૯ ની અપીલ અરજી નં.૩૯૫ /૨૦૦૮–૦૯

શ્રી ગુલામભાઈ મેમણની તા.૯–૨–૦૯ની અરજીથી રીંગરોડ આર.ટી.ઓ ઓફિસ સામે આદર્શ સોસાયટી તરફ જતાં વણાંક પાસે ચાલતા નવાં બાંધકામ બાબતે મુદ્દા નં.૧ થી ૮ ની માહિતી આપવા બાબતે નિયત સમય મર્યાદામાં કોઈ પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ ન હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૩–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આર.ટી.આઈ.સેલ ૧૨૪૯ તા.૧૯–૩–૦૯ થી ડે.કમિશનર(સ્પે.) અને જાહેર માહિતી અધિકારી (અઠવા ઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ છે. જેઓ તરફથી તેમના પત્ર નં.સા.વે.ઝોન(અઠવા) આર.ટી.આઈ./આ.નં./ ૬૧૫ તા.૨૪–૩–૦૯ થી પૂરક વિગત પુરી પાડવામાં આવેલ જેમા સદર અરજી નં.સે.ઝોન/આર.ટી.આઈ./જાવક/૧૩૭૪ તા.૧૦/૨/૦૯ થી કાર્યપાલક ઈજનેર(અઠવા)ઝોનનેતબદીલ કરેલ જે અત્રેથી સા.વે.ઝોન(અઠવા)આર.ટી.આઈ./આ.નં./૫૩૪ તા.૧૮/૨/૦૯ થી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ ખાતાને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ જેના અનુસંધાને અપીલ અંગે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની સ પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આર.ટી.આઈ.સેલ ૧૨૯૪ તા.૩૦/૩/૦૯ થી ડાયરેકટર ઓફ ટાઉન પ્લાનીંગને પત્ર પાઠવવામાં આવેલ જેના અનુસંધાને નં.ટી.ડી.ઓ./૧૪૮ તા.૧૫–૪–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી મળેલ છે. જે અનુસાર મુદ્દા નં.૧ સર્વે નંબર અંગે ટીપી નં.૯ ફા.પ્લોટ નં.૧ સબ પ્લોટ નં.૮ નં.૨ અંગે કોર્મશિયલ બાંધકામ નં.૩ અંગે એલાઉનમેન્ટની અસર થતી ન હોવાનું નં.૪ અંગે પાર્કીગની જગ્યા ૨૨૨.૭૯ ચો.મી. જોગવાઈ કરેલ હોવાની નં.૬ અં ગે બિલ્ટ અપ એરિયા પ્લાન મુજબ ૨૬૦.૫૦ ચો.મી. પ્લાન પરવાનગી મુજબ હોવાની મુદ્દા નં.૮ અંગે તા.૮–૫–૦૮ ના રોજ શહેર વિકાસ અધિકારી ધ્વારા રજાચિઠ્ઠી ઈસ્યુ કરેલ હોવાની માહિતી આપેલ જણાય છે. જયારે મુદ્દા નં.૫ અંગે ગેરકાયદેસર બાંધકામ બાબતે ચકાસણી થયે માહિતી આપવામાં આવશે તેવી માહિતી આપેલ જણાય છે. આરટીઆઈ કાયદાની કલમ–૨(એફ) અને ૨(જે) અનુસાર જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ માહિતી આપવાની જોગવાઈ છે.

અરજદારની તા.૯–૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને નં.ટી.ડી.ઓ./૪૮૯૯ તા.૯–૩–૦૯ થી પુરી પડવામાં આવેલ છે.જેની નકલ અત્રે રજુ કરેલ છે. અરજદારે પણ અપીલ અરજીમાં સમય મર્યાદામાં માહિતી નહિ મળેલ હોય વિનામુલ્યે માહિતી મેળવવા માંગણી કરેલ છે. તેમજ ભરેલ ફી ના પૈસા પરત કરવાની રજુઆત કરેલ છે.

હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૨–૦૯ની મૂળ અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ હોય માહિતી બાબતે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અરજી દફતરે કરવામાં આવે છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : /૪/૦૯.

***ડે.કમિશનર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

(૧) ડાયરેકટર ઓફ પ્લાનીંગ અને જાહેર માહિતી અધિકારી (મધ્યસ્થ શહેર વિકાસ) પ્રતિ .....જાણ તથા અમલ માટે
(૨) શ્રી ગુલામભાઈ મેમણ,